Saarth E-Journal

**Saarth** E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X | Impact Factor: 6.89
Peer Reviewed | Quarterly
Vol.9, Issue.2 No.4 | April to June - 2024

# શાંતિનુ શિક્ષણના અધ્યયન-અધ્યાપન માટે બહુમાધ્યમ સંપુટની રચના અને અસરકારકતા

## DEVELOPMENT AND EFFECTIVENESS OF MULTIMEDIA PACKAGE FOR LEARNING AND TEACHING EDUCATION FOR PEACE

***રૂચિ વિ દવે, **ડૉ. દીપૂબા દેવડા**

**સારાંશ**

આજે સમગ્ર વિશ્વમાં શસ્ત્રોની દોટ ચાલી રહી છે. જાણે કે માણસ મરવા માટે ઉતાવળો બન્યો છે. જે રીતે રાષ્ટ્રો ખૂબ મોટી રકમ લશ્કરની પાછળ ખર્ચે છે એ રીતે જાણે કે માણસ જાતે પૃથ્વી પરના વિનાશને મુખ્ય અગ્રતા આપવાનું નક્કી કર્યું છે! આજના અવકાશ અને અણુયુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજી એ અનેક આશિર્વાદ આપ્યા છે તો સમસ્યાઓ પણ ખૂબ સર્જી છે. આજે વિશ્વમાં માનવજાત ગરીબી, બેકારી, વસ્તીવિસ્ફોટ, વિશ્વયુદ્ધનો ભય, પર્યાવરણની અસમતુલા અને એકાંકીપણું જેવી સમસ્યાઓ ઉભી છે. આ હિંસા દૂર ત્યારે જ થાય જયારે વિશ્વમાં શાંતિ સ્થાપી શકાય. વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે આવનારી પેઢીમાં શાંતિ શિક્ષણની તાતી જરૂરિયાત છે. શાંતિ શિક્ષણ દ્વારા બાળકોની વૈચારિક ક્ષિતિજો વિસ્તારી બાળકમાં વિશ્વ શાંતિના સનાતન મૂલ્યોને જાગૃત કરી શકાય છે. આ ઉપરાંત શાંતિ શિક્ષણ દ્વારા પ્રમાણિકતા, વિશ્વબંધુત્વ, સર્વધર્મસમભાવ, પર્યાવરણની જાળવણી વગેરે જેવા મૂલ્યોનું નિર્માણ વિદ્યાર્થીઓમાં બાળપણથી જ કરી શકાય છે. સાંસ્કૃતિક મૂલ્યો, આધ્યાત્મિક મૂલ્યો અને સાર્વત્રિક માનવ મૂલ્યોના યોગ્ય એકીકરણ દ્વારા શાંતિ શિક્ષણના ક્ષેત્રને સમૃદ્ધ બનાવી શકાય છે, જે આ સમયની મુખ્ય જરૂરિયાતોમાંની એક તરીકે ગણવામાં આવે છે. પ્રશિક્ષણાર્થીઓ જે ભવિષ્યના શિક્ષક બની પ્રત્યક્ષ રીતે વર્ગખંડમાં બાળકો સાથે કામ કરવાના છે. જેથી પરોક્ષ રીતે ભારતના નાગરિક અને વિશ્વમાનવ એવી પેઢી સુધી આ વિષયની રજૂઆત યોગ્ય રીતે કરી શકશે

શાંતિ શિક્ષણ દ્વારા આદર્શ માનવસમાજની રચના થશે જેનાથી આદર્શ વિશ્વના ઘડતરની શરૂઆત થશે.જે માટે સંશોધકે શાંતિ શિક્ષણના અધ્યાપન માટે બહુમાધ્યમ સંપુટની તથા શાંતિ શિક્ષણની કસોટી રચના કરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**ચાવીરૂપ શબ્દો:** શાંતિ શિક્ષણ, વર્ગખંડ, બાળકો, સાંસ્કૃતિક મૂલ્યો, પર્યાવરણની જાળવણી.

***રૂચિ વિ દવે, સંશોધક, શિક્ષણ વિદ્યાશાખા (IASE), ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. **ડૉ. દીપૂબા દેવડા, માર્ગદર્શક, અધ્યક્ષ શિક્ષણ વિદ્યાશાખા (IASE), ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)**

### પ્રસ્તાવના

સમગ્ર વિશ્વવિકાસની સતત હરણફાળભરતું જાય છે. જ્ઞાન અને વિજ્ઞાનની શોધો એક જ દિવસમાં જૂની થઈ જાય છે. આર્થિક સમૃધ્ધિ મેળવવાનોઅર્થભૌતિક વિકાસ છે, પરંતુ તેનાથી આજના માનવ પાસે માનસિક શાંતિ તેમજ સુખનો આનંદ નથી,સર્વત્ર ફેલાઈ રહેલી યુધ્ધની અરાજકતા અને સ્વાર્થની ચરમસીમા વિશ્વ સમસ્તનો માનવ સમાજ અનુભવી રહયો છે, તેમાંથી ઉગરવાના ઉપાયો શોધી રહ્યો છે. તેથી માનવ ઈતિહાસમાં શાંતિમય સહઅસ્તિત્વ દ્વારા આદર્શ સમાજ વ્યવસ્થાની સ્થાપના કરવા શાંતિનું શિક્ષણ જરૂરી

બની રહ્યું છે. શિક્ષણએ સામાજિક પરિવર્તનનું અહિંસક અને અસરકારક પરિબળ છે. આથી શિક્ષણની મદદથી આપણે ઈચ્છિત સમાજની સંરચના કરી શકીએ છીએ.

શાંતિના શિક્ષણ દ્વારા સમાજ, દેશ અને દુનિયામાં લોકશાહી મૂલ્યો આપણે પ્રસ્થાપિત કરી શકીશું. શાંતિ શિક્ષણ આદર્શ સમાજ નિર્માણના પાયા છે જે સર્વે લોકોમાં સત્ય, નિષ્ઠા,સર્વધર્મ સમભાવ, નીતિમત્તા, ફરજપાલન, પ્રામાણિક્તા, સંયમ, ન્યાય, ચારિત્ર્ય ઘડતર જેવા ગુણો વિકસાવી આદર્શ નાગરિક બનાવે છે. દરેક દેશનું ભાવિ તેના શાળામાં ભણતા બાળકોના શિક્ષણ પર છે.શાળામાં ભણતા બાળકોના ઘડતરમાં શિક્ષકની ભૂમિકા અગત્યની હોય છે ત્યારે બાળકોના માધ્યમથી સમાજમાં શાંતિની વિભાવના સ્પષ્ટ અને ચિરંજીવી બનાવવા પ્રશિક્ષણાર્થીઓ કે જે ભવિષ્યના શિક્ષકો છે તેમનામાં જ શાંતિ શિક્ષણ અંગેના ખ્યાલો સ્પષ્ટ હોય તે સુનિશ્ચિત હોય તે વધુ યોગ્ય લેખાય છે. શાંતિની સંકલ્પના આવનાર પેઢીમાં બહુમાધ્યમ ટેકનોલોજીનો ઉપયોગ કરી વધુ અસરકારક રીતે આત્મસાત થઈ શકે છે.

### 1. સમસ્યા કથન

**શાંતિનુ શિક્ષણના અધ્યયન-અધ્યાપન માટે બહુમાધ્યમ સંપુટની રચના અને અસરકારકતા - Development and Effectiveness of Multimedia package for learning and teaching education for peace**

### 2. પદોની વ્યાવહારિક વ્યાખ્યા

પ્રસ્તુત અભ્યાસના પારિભાષિક શબ્દોની સમજ નીચે મુજબ છે.

**શાંતિ શિક્ષણ**

શાંતિ શિક્ષણ એટલે માનવીય મૂલ્યોનું જતન,તેમજ કુદરત સાથે માનવના સંવાદિતાપૂર્ણ સહઅસ્તિત્વની સમજ માટેનું શિક્ષણ.

સામાન્ય રીતે માનવ પોતાની સ્વતંત્રતાનો અનુભવ કરે તેમજ કુદરત સાથે સંવાદિતા સાધી, માનવ અને કુદરતના સહઅસ્તિત્વનું મહત્વ સમજી પોતાના વર્તનમાં લાવે તો માનવ સમુદાયમાં તણાવ વગરની સ્થિતિ પેદા થાય છે માનવ સલામતી અને શાંતિનો અનુભવ કરી શકે છે.

**બહુ માધ્યમ સંપુટ**

માઈકલ એપ્ટરના મત મુજબ અભ્યાસના ઘટકો શીખવવા માટે એક જ સ્થળે, એક જ સમયે, વિવિધ માર્ગો દ્વારા ભેગા કરી વિવિધ પ્રયુક્તિઓ અને માધ્યમોના સંકલીકરણને બહુમાધ્યમ સંપુટ કહે છે.

**અસરકારકતા:-**

કોઈ કાર્યના અંતે તેના ઉપયોગિતા મૂલ્યના આધારે તે કાર્યની અસરકારકતા નક્કી થતી હોય છે.ટૂંકમાં, અસરકારકતા એટલે કાર્યક્રમ શરૂ કરવામાં આવે અને ત્યારપછી પરીક્ષણ કરવામાં આવે તો પરિણામો જો પ્રગતિ દર્શાવતા હોય તો તેનું કાર્ય કે કાર્યક્રમ અસરકારક સાબિત થયો કહેવાય.

### 4. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

1. માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણના પ્રશિક્ષણાર્થીઓ માટે શાંતિના શિક્ષણના એકમોના અધ્યયન-અધ્યાપનમાટે બહુમાધ્યમ સંપુટની રચના કરવી.
2. માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણના પ્રશિક્ષણાર્થીઓ માટે શાંતિના શિક્ષણના એકમોના અધ્યયન-અધ્યાપન માટે રચેલ બહુમાધ્યમ સંપુટની અસરકારકતા તપાસવી.

### 5. અભ્યાસમાં સમાવિષ્ટ ચલ

ચલ એટલે ચલિત, પરિવર્તિત, બદલાતું રહે તે...

**અભ્યાસમાં સમાવિષ્ટ ચલો**

| ક્રમ | ચલ | પ્રકાર | કક્ષા |
|---|---|---|---|
| 1 | સ્વતંત્ર ચલ | શૈક્ષણિક પદ્ધતિઓ | બહુમાધ્યમ સંપૂટ આધારિત શિક્ષણ |
| | | | પરંપરાગત પદ્ધતિથી શિક્ષણ |
| | | જાતિ | કુમાર |
| | | | કન્યા |
| 2 | પરતંત્ર ચલ | શાંતિ શિક્ષણ કસોટીના પ્રાપ્તાંકો | |

**6. અભ્યાસની ઉત્કલ્પનાઓ**

ઉત્કલ્પનાઓ સંશોધનનાં પરિણામો અંગેના કામચલાઉ જવાબ આપે છે.

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ નીચે મુજબ છે.

$H0_1$ બહુમાધ્યમ સંપુટ દ્વારા અધ્યાપન કરેલ પ્રાયોગિક જૂથ અને પરંપરાગત પદ્ધતિથી અધ્યાપન કરેલ નિયંત્રિતજૂથના પ્રશિક્ષણાર્થીઓએ ઉત્તર કસોટી પરમેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H0_2$ પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોએ ઉત્તર કસોટી પર મેળવેલપ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H0_3$ પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોએ ઉત્તર કસોટી પર મેળવેલપ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**7. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. તેમાં પૂર્ણ પ્રાયોગિક યોજનાની બે સમકક્ષ જૂથ માત્ર ઉત્તર કસોટી યોજના દ્વારા સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.પ્રશિક્ષણાર્થીઓના પ્રથમ વર્ષના ગુણના આધારે જૂથોને સમકક્ષ બનાવવામાં આવ્યા હતા. પ્રાયોગિક યોજના નીચે મુજબ સારણીમાં દર્શાવામાં આવી છે.

સારણી 1.1

બે સમકક્ષ જૂથ ઉત્તર કસોટી યોજના

| ક્રમ | જૂથ | પૂર્વ કસોટી | માવજત | ઉત્તર કસોટી |
|---|---|---|---|---|
| 1 | પ્રાયોગિક જૂથ-E | - | $X_1$ | $T_{2E}$ |
| 2 | નિયંત્રિત જૂથ-C | - | $X_2$ | $T_{2C}$ |

**8. અભ્યાસનો વ્યાપવિશ્વ અને નિદર્શ**

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યનાઅમદાવાદ જિલ્લાના શૈક્ષણિક વર્ષ:2023-24માં પ્રવેશ પામેલ બીજા વર્ષના પ્રશિક્ષણાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યા હતો.

**નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ જિલ્લાનીએચ.બી કાપડિયા કૉલેજ ઓફ એજ્યુકેશનની સહેતુક નમૂના પદ્ધતિથી પસંદગી કરી બીજા વર્ષના 100 પ્રશિક્ષણાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**9.અભ્યાસનું ઉપકરણ**

સંશોધનમાં આવશ્યક માહિતી મેળવવા માટે ઉપકરણોની પસંદગી અને રચના કરવી ખૂબ જ અગત્યની છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધક સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને નીચે પ્રમાણેના ઉપકરણોની રચના કરશે.

**બહુમાધ્યમ સંપુટ**

1. ચાર્ટ ચિત્રો
2. શાંતિ ગીત

3. પી.પી.ટી.
4. ટૂંકી ફિલ્મ

ઉત્તર કસોટી

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા પ્રશિક્ષણાર્થીઓના બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે સ્વરચિત ઉત્તરકસોટી તૈયાર કરવામાં આવી હતી. આ ઉત્તર કસોટી બ્લ્યૂ પ્રિન્ટ આધારિત તૈયાર કરવામાં આવી હતી. આ ઉત્તર કસોટીમાં પસંદિત એકમોમાંથી ૩૦ કલમોવાળી ૩૦ ગુણની બહુવિકલ્પ કસોટી તૈયાર કરવામાં આવી હતી. ઉત્તર આપવા માટે (A),(B),(C),(D) તેવા ક્રમાક્ષરનો ઉપયોગ કરવામા આવ્યો હતો.પ્રશિક્ષણાર્થીએ સાચો જવાબ શોધીને ક્રમાક્ષરની બાજુમાં આપેલ ખાલી જગ્યામાં ન(√)ી નિશાની કરવાની હતી.

**10. અભ્યાસની ઉપયોગિતા**

- દ્રશ્ય, શ્રાવ્ય, દ્રશ્યશ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને પ્રશિક્ષણાર્થીઓનાં શાંતિના શિક્ષણની સંકલ્પના વધુ સારી રીતે સ્પષ્ટ થશે.
- માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓનીજાતીયતાસંદર્ભમાં શાંતિ શિક્ષણ પ્રત્યેની સભાનતા જાણી શકાશે.
- માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓનીશાંતિ શિક્ષણપ્રત્યે જાગૃતતા વધશે.

**11. અભ્યાસ વ્યાપ અને મર્યાદાઓ**

- પ્રસ્તુત અભ્યાસ અમદાવાદજિલ્લાનીમાધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાપૂરતો મર્યાદિત રહેશે.
- પ્રસ્તુત અભ્યાસમાં જાતિ સિવાયના ચલોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

**12. માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે માહિતીના એકત્રીકરણ કરવા નિદર્શ તરીકે પસંદ કરવામાં આવેલ અમદાવાદ જિલ્લાની એચ.બી કાપડિયા કૉલેજ ઓફ એજ્યુકેશનમાં પ્રાયોગિક કાર્ય કરી,ઉત્તર કસોટી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**13.માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન**

પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓનીબહુમાધ્યમ સંપુટની અસરકારકતા તપાસવા માટેકુલ ત્રણ ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી તે મૂજબ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન નીચે મૂજબ છે.

$H0_1$:બહુમાધ્યમ સંપુટ દ્વારા અધ્યાપન કરેલ પ્રાયોગિક જૂથ અને પરંપરાગત પદ્ધતિથીઅધ્યાપન કરેલ નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ ઉત્તર કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી : 1**

પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચેનું t-પરિક્ષણ

| પ્રશિક્ષણાર્થીઓ | N | M | SD | SED | t મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| પ્રાયોગિક જૂથ | 50 | 22.54 | 2.00 | 0.46 | 5.57 | 0.01 |
| નિયંત્રિત જૂથ | 50 | 19.98 | 2.56 | | | |

| df | 0.05 | 0.01 |
|---|---|---|
| 98 | 1.98 | 2.63 |

સારણી : 1 માંના પ્રત્યુત્તરોનું વિશ્લેષણ કરતાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 22.54 અને 19.98 હતી. તેમનુંt મૂલ્ય 5.57 મળેલ હતું કે જે 0.01 કક્ષાએ સાર્થક હતું. જે 0.01 કક્ષાના સારણી મૂલ્ય 2.58 કરતાં વધુ છે. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ ઉત્તર કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત હતો, જે પ્રાયોગિક જૂથની તરફેણમાં હતો. જે દર્શાવે છે કે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમએ પરંપરાગત પદ્ધતિ કરતાં અસરકારક હતો. બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમથી અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓ કરતાં ચઢિયાતા હતા.

$H_{0_2}$:પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોએ ઉત્તર કસોટી પર મેળવેલપ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી : 2**

પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચેનું t-પરિક્ષણ

| કુમારો | N | M | SD | SED | t મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| પ્રાયોગિક | 20 | 22.55 | 1.99 | 0.76 | 2.23 | 0.05 |
| નિયંત્રિત | 20 | 20.95 | 2.52 | | | |

| df | 0.05 | 0.01 |
|---|---|---|
| 38 | 2.02 | 2.71 |

સારણી : 2 માંના પ્રત્યુત્તરોનું વિશ્લેષણ કરતાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમાર પ્રશિક્ષણાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 22.55 અને 20.95 હતી. તેમનુંt મૂલ્ય 2.23 મળેલ હતું કે જે 0.05 કક્ષાએ સાર્થક હતું. જે 0.05 કક્ષાના સારણી મૂલ્ય 1.96 કરતાં વધુ છે. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારપ્રશિક્ષણાર્થીઓએ ઉત્તર કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત હતો, જે પ્રાયોગિક જૂથના કુમારોની તરફેણમાં હતો. જે દર્શાવે છે કે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમએ પરંપરાગત પદ્ધતિ કરતાં અસરકારક હતો. બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમથી અભ્યાસ કરતાં કુમાર પ્રશિક્ષણાર્થીઓ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં કુમાર પ્રશિક્ષણાર્થીઓ કરતાં ચઢિયાતા હતા.

$H_{0_3}$: પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કન્યાઓના ઉત્તર કસોટી પર મેળવેલપ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી : 3**

**પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કન્યાઓના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચેનું t-પરિક્ષણ**

| કન્યા | N | M | SD | SED | t મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| પ્રાયોગિક | ૩૦ | 22.10 | 1.81 | 0.61 | 2.99 | 0.01 |
| નિયંત્રિત | ૩૦ | 20.27 | 2.83 | | | |

| df | 0.05 | 0.01 |
|---|---|---|
| 58 | 2.00 | 2.66 |

સારણી : ૩ માંના પ્રત્યુત્તરોનું વિશ્લેષણ કરતાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કન્યા પ્રશિક્ષણાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 22.10 અને 20.27 હતી. તેમનુંt મૂલ્ય 2.99 મળેલ હતું કે જે 0.01 કક્ષાએ સાર્થક હતું. જે 0.01 કક્ષાના સારણી મૂલ્ય કરતાં વધુ છે. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કન્યાપ્રશિક્ષણાર્થીઓએ ઉત્તર કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત હતો, જે પ્રાયોગિક જૂથની કન્યાઓની તરફેણમાં હતો. જે દર્શાવે છે કે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમએ પરંપરાગત પદ્ધતિ કરતાં અસરકારક હતો. બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમથી અભ્યાસ કરતાં કન્યા પ્રશિક્ષણાર્થીઓ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં કન્યા પ્રશિક્ષણાર્થીઓ કરતાં ચઢિયાતા હતા.

**14. અભ્યાસના તારણો**

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે સાર્થક તફાવતજોવા મળે છે એટલે કે સાર્થક કક્ષાના આધારે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમથી અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓ કરતાં ચઢિયાતા જણાય છે.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમાર પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે સાર્થક તફાવતજોવા મળે છે એટલે કે સાર્થક કક્ષાના આધારે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમથી અભ્યાસ કરતાં કુમાર પ્રશિક્ષણાર્થીઓ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં કુમાર પ્રશિક્ષણાર્થીઓ કરતાં ચઢિયાતા જણાય છે.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કન્યા પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે સાર્થક તફાવતજોવા મળે છે એટલે કે સાર્થક કક્ષાના આધારે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમથી અભ્યાસ કરતાં કન્યા પ્રશિક્ષણાર્થીઓ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં કન્યા પ્રશિક્ષણાર્થીઓ કરતાં ચઢિયાતા જણાય છે.

**15. અભ્યાસના ફલિતાર્થો**

શાંતિ શિક્ષણ થકી 'વસુધૈવ કુટુંબકમ્'ની વિભાવના વ્યક્તિનાજીવનમાં આત્મસાત થાય છે જે વ્યક્તિના જીવનમૂલયનુંએક મહત્ત્વનું પાસું છે. જીવનમાંઆર્થિક વિકાસની સાથે સાથે માનસિક સુખ અને શાંતિ પણ અનિવાર્ય વ્યક્તિત્વનું પાસું છે જે વ્યક્તિને સમાજમાં તેમજ અન્ય જગ્યાએ સંતુલન બક્ષે છે.શાંતિ શિક્ષણ એ વ્યક્તિ અને  સમાજના વિકાસ માટે અત્યંત જરૂરી છે. સમાજના પાયાના ઘડતર માટે શિક્ષકો દ્વારાશાંતિ શિક્ષણના મૂલ્યો થકી થતાં પ્રયત્નો બાળકોના ઘડતરમાં ચિરંજીવીનું કામ કરે છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રશિક્ષણાર્થીઓના શાંતિ શિક્ષણનાસંદર્ભે શિક્ષણ પદ્ધતિ અને જાતિયતાના સંદર્ભમાં સાર્થક તફાવત જોવા મળે છે. પ્રશિક્ષણાર્થીઓ આવતીકાલના શિક્ષણ સમાજ માટે શાંતિ શિક્ષણના માધ્યમ થકી જાગૃતતા લાવી એક સુંદર સમાજની રચના કરવામાં સહાયભૂત થશે.

## સંદર્ભસૂચિ


1. ઉચાટ, ડી.એ. (2004).*સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ.* રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
2. શુક્લ, એસ. એસ. (2017). *એક્સેલ અને મુદત વિશ્લેષણ.* અમદાવાદ : ક્ષિતિ પ્રકાશન.
3. શાહ,એમ કે (1991). માનવઅધિકારો શાંતિ અને વિકાસ: વિકાસશીલ રાષ્ટ્રોના સંદર્ભમાં. અમદાવાદ :શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ.
4. પટેલ, આર.એસ.(2010). *સંશોધનનીપાયાનીસંકલ્પનાઓ*અમદાવાદ:જયપબ્લિકેશન.
5. मोतीयानी,(1998).***महिला विकास की नई दिशाएँ.****અમદાવાદ .કર્ણાવતી પબ્લિકેશન:*
6. http://www.ungei.org/resources/files/Education_from_a_Gender_Equality_Perspective.pdf.